

# નમસ્કાર ગાંધીનગર

રમેશ ઠક્કર

## પમરાટ

દાવ એવો ખેલવો છે.
શ્વાસને સંકેલવો છે.

આંખમાં તારી છૂપાયો,
ભેદ એ ઉકેલવો છે.

આ સમય સરકી રહ્યો છે,
આજ પાછો ઠેલવો છે.

વેદના એવી વધી છે,
પહાડ માથે મેલવો છે.

યાદનો આવે પવન તો
એ તરફ ધકેલવો છે.

- ગિરીશ પરમાર

## પાથેય

# પહાડ માથે મૂકવાની વેદના...

સતત ઝઝૂમતા રહેવાની માણસની મથામણ પણ ગજબ હોય છે.કવિ આ રીતે એને વ્યક્ત કરે છે..ઘણીવાર આપણે નિરર્થકતાનો એહસાસ કરીએ છીએ..બરાબર મહેનત કરી હોય,નિષ્ઠા દાખવી હોય તોય પરિણામ વિફળ હોય..આવા સમયે સાર્થકતા નો અભાવ માણસને કોરી ખાય છે..વ્યકિતને જયારે કોઈ કામ કે લક્ષ્ય માટે પ્રવૃત્ત થાય છે ત્યારે શરૂઆતમાં એનામાં એક ઉત્સાહ હોય છે..જોમ હોય છે..પરંતુ કહેવાયું છે ને કે માણસ ધારે છે કંઈક એક અને ઈશ્વર કરે છે કંઈક બીજું..માણસની શ્રધ્ધા જયારે ફરિયાદ નથી થતી ત્યારે એક વિષાદ એને ઘેરી વળે છે..વિષાદ જયારે એને વિચારતો કરી મૂકે ત્યારે એમાંથી જીવનનું સત્ય પ્રગટતું હોય છે.

કોઈપણ બાબતે મળેલી વિફળતા એક ખાલીપો સર્જી જાય છે..ખિન્ન થયેલું મન હંમેશાં શૂન્યાવકાશ સર્જે છે જે માણસને પીડતો રહે છે..કશુંક પામવાની ઘટના હંમેશાં આપણને સભરતા આપી જાય છે.પામવું એટલે એક સંતોષ એવી એક અનુભૂતિ હોય છે..સામાન્ય માણસ જીવનની સાર્થકતા માટેની જે અપેક્ષાઓ હોય છે એ સીધાસાદા માપદંડો વાળી હોય છે..કવિ સર્જક કે કોઈ સંવેદનશીલ વ્યકિત માટે એ એટલું આસાન નથી હોતું ! અને એટલે જ વસવસો કે વલોપાત એમના માટે અસહ્ય બની જતો હોય છે !

માણસને ધાર્યું મળે એ માટે ફક્ત ઈચ્છાઓ કે પ્રયત્નો જ નહીં પરંતુ જીવન પ્રત્યેનો અભિગમ પણ મહત્વની ભૂમિકા નિભાવે છે..નાનું સરખું કાર્ય કે નાનકડી સંબંધની લકીર જયારે તૃપ્તતા નો અનુભવ કરાવે છે ત્યારે આપોઆપ આનંદ છવાઈ જતો હોય છે.સતત ધમાલ અને અવિરત આયામો પછી પણ કંટાળાજનક વિફળતા ની અનુભૂતિ થાય તો ટકી રહેવું મુશ્કેલ બની જાય છે..માણસ માટે કહેવાયું છે કે એ ઈચ્છાઓનું એક પોટલું છે..એ જીવે છે જુદીજુદી એષણાના મોહપાશમાં..એના અંતરમાં અનેક ઉર્મિઓ ઉછાળા મારતી રહે છે..એને સંતોષવાના ધમપછાડા.

આપણી મથામણ કયારેક સાચી દિશાની તો કયારેક કાચી કેડીની હોઈ શકે..ઘણીવખત એ સંપૂર્ણપણે કુદરતના આધાર ઉપર ચાલતી રહે છે..માણસ અટકળોના સહારે આગળ ધપતો રહે છે..ચાલવામાં થાક હોય છે..થોભી જવામાં પણ વિમાસણ હોય છે..બંનેમાં થાક ચોકકસ લઘુતમ સામાન્ય ઘટના હોય તો પણ એક તરફ સાર્થકતા અને બીજી તરફ એકવિધતાનો એહસાસ ઉભય પક્ષે અલગઅલગ પરિણામો આપે છે..આપણુ ગંતવ્ય જયારે ગણિત બની જાય ત્યારે ખાલીપો છવાઈ જાય છે..આપણું સત્ય એ ઘણીવાર અન્યનું સત્ય નથી હોતું..આપણી અપેક્ષા કયારેક આપણી છેતરામણની છડીદાર બની જતી હોય છે..એ ખાલીપો બનીને રહી જાય તો વસવસાની વાર્તા બની જાય..અને જો અંતરના આનંદ બની ઉભરાઈ જાય તો જીવંત કાવ્ય બની જાય..સભરતાનું એ કાવ્ય આપણને ભીતરબહાર તરબતર કરી જતું હોય છે.

# ડાયસ્પોરા ગુજરાતીઓનું ગુજરાતના વિકાસમાં પ્રદાનઃ સંશોધનથી છેટા રહેતા ગુજરાતીઓ સક્રિય થશે?



અમેરિકાની પોતાની મુલાકાતમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાવ સાચું જ કહ્યું છે કે ઈમિગ્રન્ટ્સ ભારતની સાચી શક્તિ છે. ભારત બહાર વસતા ૨.૫ કરોડ (બિન) રહીશ ભારતીયોમાં આશરે ૩૫ ટકા ગુજરાતીઓ છે. સંખ્યા અને પ્રભાવ બન્ને રીતે એનઆરઆઈ સમુદાયમાં ગુજરાતીઓ ટોચ પર છે. અમેરિકા, કેનેડા, આફ્રિકા, યુરોપ, મધ્ય પૂર્વના દેશો, ઑસ્ટ્રેલિયા, ન્યુ ઝિલેન્ડ, ફિઝી, હોન્ગ કોન્ગ, મલેશિયા, જાપાન, સિંગાપોર, પાકિસ્તાન, મ્યાનમાર સહિત એકસોથી વધુ દેશોમાં વસતા ભારતીયો-ગુજરાતીઓ વતનપ્રેમી છે. ડાયસ્પોરિક ગુજરાતીઓનો ગુજરાતનું ગુજરાતના વિકાસમાં માતબર અને નોંધપાત્ર પ્રદાન રહ્યું છે.




ગુજરાત પાસે લાંબો દરિયા કિનારો છે. ગુજરાતી પ્રજાને સાહસનો ગુણ દરિયાએ આપેલો છે. ગુજરાત પ્રદેશ કે ગુજરાતી પ્રજાની દોલત ખરેખર તો દરિયાની બદલોત છે. આજે ગુજરાતી સુખી છે, પૈસેટકે મજબૂત છે, સમૃદ્ધ છે તેમાં દરિયાનું મોટું પ્રદાન છે. ગુજરાતીની સહિષ્ણતા, ઉદારતા અને વિશાળતામાં પણ દરિયાનું યોગદાન છે. દરિયાની મદદથી કચ્છીઓ-ગુજરાતીઓ વહાટવણાં કરીને બહાર જતા થયા અને વેપાર-વણજ કરીને સુખી થયા.

તેઓ સુખી થયા પણ તેમણે વતનને સદાય યાદ રાખ્યું. જમીનથી વતન છૂટ્યું, પણ હૃદયથી વતન ક્યારેય ના છૂટ્યું. દરિયાપારના- ડાયસ્પોરીક ગુજરાતીઓના યોગદાનને લખવા બેસીએ તો અનેક દળદાર ગ્રંથો કરવા પડે. જોકે દુઃખદ વાત એ છે કે આ ક્ષેત્રમાં ખાસ કામ થયું નથી. સાવ એવું નથી કે દરિયાપારના ગુજરાતીઓના સંદર્ભમાં દસ્તાવેજીકરણ, સંશોધન બિલકુલ નથી થયું. જે થયું છે તે માત્ર નામ પૂરતું થયું છે. આ મોટી ચૂક છે. જેમ બને તેમ ઝડપથી તેને સુધારી લેવાની જરૂર છે.

ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગમાંથી હમણાં દક્ષાબહેન રાણાએ પાંચ વર્ષના સઘન સંશોધન પછી ગુજરાતી ડાયસ્પોરાનું ગુજરાતના વિકાસમાં યોગદાન (૧૮૮૦થી ૧૯૯૦) એ વિષય પર પ્રો.જનકભાઈ ગઢવીના માર્ગદર્શનમાં સંશોધન કરી, મહાનિબંધ લખી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. આ પહેલાં તેઓ કચ્છ અને સૌરાષ્ટ્રના ડાયસ્પોરા વિશે પણ સંશોધન કરી ચૂક્યાં છે.

તેમની પીએચ.ડીની મૌખિક પરીક્ષમાં આ લખનારને જવાની તક મળી હતી. ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા પ્રો. અરુણ વાઘેલા તથા અન્ય પ્રોફેસર મિત્રો સાથે પણ ડાયસ્પોરિક સંશોધન વિશે ચર્ચા થઈ. ગૂજરાત વિદ્યાપીઠના ઈતિહાસ વિભાગના વડા ડૉ. મુંજાલ ભીમડાદકર વિષય નિષ્ણાત તરીકે હાજર રહ્યા હતા. ગુજરાતની જુદી જુદી કૉલેજોના ઈતિહાસ વિષયના પ્રાધ્યાપકો પણ આવ્યા હતા.

સંશોધક દક્ષાબહેન રાણાએ આ મહાનિબંધમાં દરિયાપારના ગુજરાતીઓના ઘણા મહત્વના વિસ્તારોને આવરી લીધા છે. જેમ કે ડાયસ્પોરાનો ઈતિહાસ, ગુજરાતી ડાયસ્પોરાનો ઈતિહાસ, ગુજરાતની સ્થાપના પૂર્વે ગુજરાતી ડાયસ્પોરાનું ગુજરાતના વિકાસમાં યોગદાન, ગુજરાતની સ્થાપના પછી ગુજરાતી ડાયસ્પોરાનું ગુજરાતના વિકાસમાં વિવિધ ક્ષેત્રોમાં જે યોગદાન થયું તેના વિશે પણ તેમને સંશોધન કર્યું છે. સાથે સાથે ગુજરાતના વિકાસમાં વિવિધ ડાયસ્પોરિક સંસ્થાઓએ જે પ્રદાન કર્યું છે તે તથા ગુજરાતી ડાયસ્પોરાનું ઈતિહાસમાં મહત્ત્વ અને તેની વિસ્તરતી ક્ષિતિજો અંગે પણ મહત્ત્વની વાતો આ મહાનિબંધમાં આવરી લેવાઈ છે. સંશોધક દક્ષાબહેને ખૂબ જહેમત કરીને સંશોધન કર્યું છે. એમ.ફીલ. કક્ષાએ તેમણે કચ્છ અને સૌરાષ્ટ્રના ડાયસ્પોરા વિશે સંશોધન કર્યું હતું. આમ કુલ એક દાયકો તેમણે ડાયસ્પોરિક સંશોધનમાં આપ્યો છે.

આ મહાનિબંધના અંતે તેમણે જે તારણો કાઢ્યાં છે એ તારણોમાં એક મહત્ત્વનું તારણ એ છે કે ગુજરાતી ડાયસ્પોરા વિશે નહિંવત સંશોધન થયું છે અને ખૂબ જ ઓછું લખાયું છે. ગુજરાતીઓ ઈતિહાસનું સર્જન કરવામાં માને છે. તેનું લેખન કરવામાં માનતા નથી. સંશોધકનું કહેવું છે કે ગુજરાતી ડાયસ્પોરા મોટો અને બહોળો છે અને તેમણે ગુજરાતના વિકાસમાં જુદી જુદી રીતે ઘણું પ્રદાન કર્યું છે. જેમ કે તેમણે વિવિધ ક્ષેત્રે માતબર દાન આપ્યાં. દરિયાપારના ગુજરાતીઓએ ગુજરાતના યોગદાન માટે અત્યાર સુધી જે આર્થિક સખાવતો કરી તેનો સરવાળો કરો તો અબજો-અબજો રૂપિયા થાય. શિક્ષણ, આરોગ્ય, ધર્મ, રોડ-રસ્તા, પાણીની સુવિધા, સમાજો માટેની ઈમારતો, ધર્મ, ગરીબ લોકોના ઉત્કર્ષની યોજનાઓ એમ અનેકવિધ ક્ષેત્રોમાં એનઆરજી (નોન રેસિડેન્ટ ગુજરાતીઓ) અનુદાન આપતા જ રહ્યા છે. દક્ષાબહેને નોંધ્યું છે તેમ તેઓ નવી ટેકનોલોજી શીખ્યા અને એના વિશે જાણ્યું તો પોતાના વતનમાં એ બધું લઈને આવ્યા છે. ગુજરાતી ડાયસ્પોરાએ રાહતકાર્યો, સેવાકીય કાર્યો અને જરૂરિયાત મંદ વ્યક્તિઓને પણ ઘણી બધી મદદ કરી છે.

તેમણે એમ પણ નોંધ્યું છે કે ગુજરાતી ડાયસ્પોરાની કેટલીક નબળી અથવા અંધારી બાજુઓ પણ છે. જેમકે ૧૯૫૨માં સ્વામી ભવાની દયાકે પોતાના હિન્દી પુસ્તકમાં નોંધ્યું છે તેમ ગુજરાતીઓ કેટલાક દેશોની શ્યામ નારીઓ સાથે સંબંધ બાંધતા અને તેમના દ્વારા સંતાનો પણ થતાં, પરંતુ તેઓ તેમને પત્નીના હક નહોતા આપતા અને તેને કારણે આવાં બાળકો અનાથ થઈ જતાં હતાં.

પ્રો.જનકભાઈ ગઢવીકહે છે ડાયસ્પોરિક ગુજરાતીઓનું સંશોધન ક્ષેત્ર એકદમ ખાલી છે. આ ક્ષેત્રમાં સંશોધન, આલેખન, સંપાદન અને પ્રકાશન કરવાની અનેક શક્યતાઓ છે.

હજી આપણે એટલે કે ગુજરાતીઓ સંશોધન ક્ષેત્રે ગંભીર પ્રજા નથી. દક્ષાબહેનને માહિતી ભેગી કરવામાં ઘણી તકલીફ પડી. ધન પાછળ પડેલા ગુજરાતીઓને જ્યારે ખબર પડશે કે સંશોધન પણ એક જાતનું ધન જ છે ત્યારે તેઓ સંશોધનમાં રસ લેતા થશે. દરિયાપારના ગુજરાતીઓ અને ગુજરાત બહાર ભારતમાં વસતા ગુજરાતીઓનો ઈતિહાસ લખાયો જ નથી. ઈતિહાસ સર્જવામાં વ્યસ્ત રહેતા ગુજરાતીઓ જાણે કે ઈતિહાસ લેખનમાં સમય બગાડવા માગતા નથી. જોકે એ યોગ્ય સ્થિતિ નથી જ નથી. તેનાથી ગુજરાત અને ગુજરાતીઓને મોટું નુકશાન થાય. બિનરહીશ કેરલીયનો વિશે શાસ્ત્રીય રીતે ઉત્તમ સંશોધન થયું હોવાનું કહેવાય છે. વણખેડાયેલા વિષયમાં પહેલાં એમ.ફીલ. અને પછી પીએચ.ડી. કરનારાં દક્ષાબહેન રાણાને અભિનંદન.

**તુલસી પત્ર :**

એકબાજુ અમેરિકા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું એકવીસ તોપોથી સ્વાગત-સન્માન કરે છે. તેમને સ્ટેટ ડીનર આપે છે. આખા અમેરિકામાં ભારત-ભારત થઈ જાય છે અને બીજી બાજુ કેટલાક ગુજરાતીઓ અમેરિકામાં જઈને સ્થાયી થવા માટે બિનકાયદેસરના અને પાછા જોખમી રસ્તા અપનાવે છે. જય જય ગુજરાતીઓનું ગૌરવથી ગાન કરતા ગુજરાતીઓને આવું કરવું સહેજે શોભતું નથી. એક જમાનામાં ગુજરાતના લોકો ઘૂઘવતા દરિયાનો સામનો કરીને, જાનને જોખમે વિદેશ જતા હવે બિનકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કરવા જોખમ લે છે. ગુજરાતીઓ ઝડપથી આ પ્રવૃતિ બંધ કરે તેવી આશા રાખીએ.

# સંબંધ એટલે... તમે ભૂલો છો તે નહિ, પણ માફ કરો છો તે છે

**સંબંધ એટલે...**
**તમે ભૂલો છો તે નહિ, પણ માફ કરો છો તે છે.**
**સાંભળો છો તે નહિ,**
**પણ સમજો છો તે છે. જુઓ છો તે નહિ,**
**પણ અનુભવો છો તે છે**
**જતું કરો છો તે નહિ,**
**પણ જાળવી રાખો છો તે છે...!!**

આપણું માનવજીવન એ કેટકેટલા સંબંધોના અવનવા તાંતણે ગૂંથાયેલું છે. આવા મધ-મીઠા અને ખટ્ટ-મીઠ્ઠા સંબંધો જીવનને સતત ધબકતું રાખે છે. પણ ઉંમરના કોઈ પડાવે અને સમયના કંઈક એવા સંજોગે કોઈ અણધારી તકલીફ આવી પડે ત્યારે જાણે આ સંબંધો અચાનક કડડભૂસ થઈને પત્તાના મહેલની જેમ તૂટી પડે એવું પણ બનતું હોય છે ! જયવંત દળવીની મરાઠી વાર્તાને આધારે 'હરિશ્ચંદ્ર'એ લખેલી આ વાર્તામાં પણ આવી જ કંઈક વાત વર્ણવાયેલી છે :

ગોખલામાં પડેલ ગણેશની મૂર્તિને કેશુબાપા એકીટશે જોઈ રહ્યા. મૂર્તિના હાથ-પગ-નાક હવાપાણીના મારથી ખવાઈ ગયાં હતા. આ મૂર્તિને આ તો તેઓ કેટલાંય વરસથી જોતા આવ્યા છે, પણ આ રીતે પહેલી જ વાર જોઈ.

નોકર રામલો ડોશીને લઈ આવ્યો. ચાર વરસ પહેલાં આ ઘરની બધી ચીજવસ્તુને પોતાના હાથથી સ્પર્શી લઈને એ કુષ્ટધામમાં ગયેલી – પોતે પાછી નહીં ફરે એ ખ્યાલથી. પણ આજે ઘેર પાછી આવી શકી તેથી તેની ખુશીનો પાર નહોતો.

"આવ બેટા, લંકા." કહી ડોશીએ હાથ લંબાવ્યો. પણ બંકો હાલ્યો નહીં અને પોતાની મા સામે જોતો રહ્યો. 'એ તો ભૂલી ગયો છે ને તેથી,' કહેતા વહુએ લંકાને પાછો ખેંચ્યો.

ડોશીએ હસતાં હસતાં ભાણીને કહ્યું, 'બેટા, ગાલે મને ચૂમી દે.'

'મૂઈ કોઈની પાસે જતી જ નથી ને !' ફોઈને ભાણીને જોરથી પકડી રાખતાં કહ્યું.

'હવે તું હાથપગ ધોઈ આરામ કર.' કેશુબાપા બોલ્યા.

'મારે વળી આરામ કેવો ? લાવ, મારી ગાયને જોઈ આવું.' અને ડોશી ગમાણ ભણી ચાલ્યાં. કેશુબાપા પણ પાછળ પાછળ ગયા. ગમાણમાં ડોસાને આંખ ભરી - ભરીને જોઈ ડોશી બોલ્યાં, 'તમારી તબિયત ઘણી ઊતરી ગઈ છે.'

'એ તો ચિંતાને કારણે.'

'શાની ચિંતા ?' કહી ડોશી જરીક નજીક સરકયાં. પણ કેશુબાપા લાગતા જ એક ડગલું પાછળ હઠી ગયા, અને ગાયને ચારો નીરવા લાગી ગયા. ડોશી મનોમન હસી : 'આ તો એવા ને એવા જ શરમાળ રહ્યા !'

ડોશી રસોડામાં ગયા. 'લાવ, લોટ મસળું.'

'ના, એમણે તમને કશું જ કામ કરવાની ના પાડી છે.'

ડોશી હસ્યાં, 'અરે, કુષ્ઠધામમાં હું ઘડીક પણ પગ વાળીને બેસતી નહોતી.'

'પણ તમારે શું કામ કરવું પડે ? તમે આરામ કરો.'

સાંજે ડોશી ગાય દોહવા બેઠાં, ત્યાં દીકરો તડૂક્યો, 'દાકતરે કહ્યું છે કે તમારે આરામથી જરૂર છે.'

'અરે, કુષ્ઠધામમાં ૧૫-૨૦ જણની રસોઈ હું જ બનાવતી !'

'ના, અહીં નહીં,' કહી દીકરાએ દોણી આંચકી લીધી. ડોશીને એના અવાજમાં થોડી સખ્તાઈ પણ લાગી. એને ગમ્યું નહીં. એણે મનોમન નક્કી કર્યું કે આજ તો ઠીક, કાલથી એ કોઈનું નહીં સાંભળે; ઘર પોતાનું છે.

અને સવારે ઊઠી એટલે રોટલા ઘડી નાખ્યા અને ઝાડુ લઈ સફાઈમાં લાગી ગયાં. બધાં જમી રહ્યા બાદ સાસુવહુ જમવા બેઠાં. વહુએ ભૂખ નથી, એમ કહી માત્ર દાળભાત લીધા. રોટલાની થાળી સાસુ ભણી ઠેલી. બધાંને રોટલા કેવા લાગ્યા ?'




બાપ-દીકરો કહેતા હતા કે સરસ હતા.

ડોશીનો ચહેરો ખીલું ખીલું થઈ ઊઠ્યો. 'કામ કરવાની મૂઈ આદત પડી ગઈ. બેસી શી રીતે રહેવાય ? વહુ, જરા દાળની તપેલી લાવ તો.'

'થોભો, હું પીરસું છું.' કહી વહુ ચૂપકીદીથી સાસુના હાથમાં આંગળાં જોઈ રહી હતી. નખ ને ટેરવાં બધાં ખવાઈ ચૂક્યાં હતા.

સાંજે ડોશી દોણી શોધવા લાગ્યાં, પણ કયાંક જડી નહીં, છેલ્લે ઊંચી અભરાઈએ દેખાઈ. લોટનો ડબ્બો પણ માંજીને મુકાયો હતો. ગમાણમાં જોયું તો ગાયની પાસે પોતાના ઘડેલા આઠ-દસ રોટલા પડ્યા હતા. ડોશી હેબતાઈ જ ગયાં. રાતે એને ગળે કોળિયો ન ઊતર્યો. પાણી પીને ઊભાં થઈ ગયાં. સૂવાના ઓરડામાં ગયાં, તો બે પથારી બે હાથના અંતરે પાથરેલી હતી. ડોશીને ઝાળ લાગી ગઈ. એણે ડોશીની પથારી પોતાની અડોઅડ ખેંચી લીધી અને એ પથારીમાં હાથ લાંબો કરીને સૂઈ ગયાં.

રાતે મોડેથી કેશુબાપા કથામાંથી આવ્યા. હળવેકથી એમણે પોતાની પથારી ડોશીથી દૂર સરકારી લીધી. ડોશીનો હાથ જમીન પર પડ્યો. પણ એને કેમ અડાય ? એને એમનેમ નીચે પડ્યો રહેવા દઈ ડોસા ઊંઘી ગયા.

મધરાતે ડોશી જાગ્યાં હશે. અડધી ઊંઘમાં જ પોતાનો હાથ બાજુમાં પસવાર્યો; પણ ડોસાના ડિલને બદલે એ જમીન સાથે જ ઘસાયો. ડોશી સફાળાં બેઠાં થઈ ગયાં. બે હાથ દૂર પથારીમાં ડોસા નસકોરાં બોલાવતા હતા. જાણે ડોશીનું આખું એક અંગ જ અપંગ થઈ ગયું.

સવારે ડોશીની પથારી ખાલી હતી. ગમાણ, રસોડું, પરસાળ, બધે જ જોઈ વળ્યા, પણ ડોશી કયાંક ન દેખાણાં. ગણેશજી પાસે દીવો બળતો હતો.

બહારથી કો'ક આવ્યું તે કહેતું હતું કે ડોશીને કુષ્ઠધામની બસમાં ચઢતાં જોયેલાં.

આપણા જીવનમાં આપણી આસપાસ સંકળાયેલા સંબંધમાં આવી કોઈ અણધારી ઘટના બને ત્યારે સમજણપૂર્વક સંવેદનાથી તેણે નિહાળીએ અને થોડી સકારાકાત્મક રીતે હૂંફપૂર્વક વર્તીએ તો નષ્ટ થઈ જવાની અણીએ બેઠેલું આ સંબંધોનું વૃક્ષ ઠુંઠવામાંથી ફરી એકવાર હરિયાળું, નયનરમ્ય વૃક્ષ બની શકશે !

**Last Seen :**

**સમસ્યા વિશે વિચારીએ તો બહાના મળશે... પરંતુ**
**સમાધાન વિશે વિચારીશું તો નવા માર્ગ મળશે**
**સંબંધો બંધાય છે સ્નેહથી,**
**વિકસે છે વ્હાલથી,**
**પણ**
**સચવાય છે માત્ર 'સમજણથી.'**

- nehalgadhavi101@gmail.com

# ગુજરાત નાણાનાં ધિરધાર કરનારા બાબત અધિનિયમની સમજૂતિ

તાજેતરમાં સરકારે વધુ વ્યાજ લઈ નાણાનાં ધિરધાર કરનારા અને વ્યાજખોરો સામે લાલ આંખ કરી છે. જેઓ કાયદાનું પાલન કર્યા સિવાય પોતાને મનફાવે તેમ ગરીબ અને જરૂરીયાતમંદ વ્યક્તિઓ પાસેથી તેમની મજબૂરીનો લાભ લઈ ઉંચા વ્યાજદરે તેમને નાણાનું ધિરાણ કરવામાં આવે છે અને તેમની પાસેથી ઉંચુ વ્યાજદર વસૂલ કરવામાં આવે છે. જો વ્યક્તિ આવાં વ્યાજની ચૂકવણી કરવામાં ચૂકી જાય તો નાણા ધિરધાર કરનાર આવા વ્યક્તિને મારજૂડ કરીને પણ વ્યાજની વસૂલી કરતા જોવા મળે છે. તેથી આવા વ્યાજખોરોને ડામવા ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૧માં ગુજરાત નાણાનાં ધિરધાર કરનાર બાબત અધિનિયમ, ૨૦૧૧ નામનાં કાયદાની રચના કરી. જેમાં રજીસ્ટ્રેશનને લગતી, નાણા ધિરધાર કરનારે રાખવાના થતાં હિસાબો અને પત્રકો, નાણાંનાં ધિરધાર કરનારની ફરજો, વ્યાજનાં દરો જેવી વિવિધ જોગવાઈઓ આ કાયદામાં કરવામાં આવી છે.


ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ની કલમ-૨(૩)માં નાણાંની ધીરધારનો ધંધો એટલે શું તે જણાવવામાં આવેલ છે, જેમાં જણાવ્યા મુજબ રોકડ અથવા વસ્તુનાં રૂપમાં લોન આપવાનો ધંધો અને કોઈપણ ધંધાની સાથે સંકળાયેલો અથવા તેની ઉપરાંતનો હોય અથવા ન હોય તેવો ધંધો અને તેમાં, તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ કબૂલાતથી લોન આપવાનાં ધંધાનો સમાવેશ થાય છે.

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ની કલમ-૨(૮)જેમાં વ્યાજને વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે, જેમાં જણાવ્યા મુજબ ધીરવામાં આવેલ મૂળ રકમ ઉપરાંત વ્યાજનાં રૂપમાં અથવા અન્યથા લેવામાં આવતી હોય અથવા ચોક્કસ રીતે વસૂલ કરવા ધાર્યુ હોય તેવી રકમનો સમાવેશ થાય છે પણ તેમાં નાણાંની ધીરધાર કરનારે મૂલ્યાંકન, આકારણી અને જામીનગીરી ઉભી કરવા પેટે થતી કિંમત, ચાર્જ અથવા ખર્ચ તરીકે કાયદેસર લીધેલી રકમનો સમાવેશ કરવામાં આવતો નથી.

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ની કલમ-૨(૯)જેમાં લોન એટલે શું ? અને કેવા ધિરાણનો સમાવેશ લોનમાં થાય અને કેવા ધિરાણનો સમાવેશ લોનમાં ના થઈ શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. જેમાં જણાવ્યા મુજબ, જામીનગીરીથી અથવા જામીનગીરી વગર રોકડ અથવા વસ્તુનાં રૂપે વ્યાજે આપેલી રકમ અને તેમાં, કોઈ વ્યક્તિ માટે અથવા તેનાં કારણે અથવા તેના વતી અથવા તેની વિનંતીથી અથવા કોઈ હિસાબ પેટે નાણાંની ચૂકવણી માંગવાનું ટાળવા માટે ચૂકવાતી પેશગી, વટાવ અથવા નાણાં અને તત્સમયે અમલમાં હોય તેવી કોઈપણ કાયદા હેઠળ કરેલી (કોઈપણ શરતોથી અથવા કોઈપણ પ્રકારની) દરેક કબૂલાત કે જે મહત્વની હોય અથવા નાણાંની લોનને અસર કરતી હોય તેનો સમાવેશ થાય છે.

વ્યાજખોરો દ્વારા દેણદારને નાણાંની વસૂલાત કરવા અને ચૂકવવા પાત્ર લોનની વસૂલાત કરવા માટે તેને સમામણી કરવામાં આવે છે અને આવા વ્યક્તિને શારિરીક, માનસિક ત્રાસ પણ આપવામાં આવતો હોય છે. આવી ગેરકાયદેરની પ્રવૃત્તિઓને અટકાવવા અને આવા વ્યાજખોરોના ત્રાસને ડામવા માટે ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧માં આવા ગુનોઓ અને આવા ગુનાને નાથવા માટે પ્રકરણ-૯માં શિક્ષાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ની કલમ-૪૦ કે જેમાં દેણદારે નાણાંની ધીરધાર કરનારને ચૂકવવા પાત્ર લોનની વસૂલાત કરવા માટે કોઈ વ્યક્તિ દેણદારને સતાવે અથવા સતામણીમાં સહાય કરે, તેને આવી સતામણી કરવા માટે કાયદા દ્વારા શિક્ષાની કડક જોગવાઈ કરવામાં આવી છે. જેમાં જણાવ્યા મુજબ, આવી સતામણી કરનારને દોષિત ઠર્યેથી, બે વર્ષ સુધીની કેદની અથવા પચ્ચીસ હજાર રૂપિયા સુધીનાં દંડની શિક્ષા કરવામાં આવશે, પરંતુ કોર્ટનાં ચુકાદામાં દર્શાવવાનાં વિરુધ્ધનાં ખાસ અને પૂરતા કારણો ન હોય ત્યારે, પ્રથમ ગુના માટે આવી કેદ છ મહિનાથી ઓછી નહિ તેટલી અને આવો દંડ દસ હજાર રૂપિયાથી ઓછી નહિ તેટલો રહેશે. બીજા અને ત્યાર પછીનાં ગુનાઓ માટે, આવી કેદની સજા એક વર્ષથી ઓછી નહિ તેટલી અને આવો દંડ પચ્ચીસ હજાર રૂપિયાથી ઓછો નહિ તેટલો રહેશે. કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિને કોઈ કૃત્ય કરવાનો તેને હકક હોય તેવું કૃત્ય નહિ કરાવવાનાં ઈરાદાથી અથવા તેને જે કૃત્ય કરવાથી દૂર રાખવાનો હકક હોય તેવું કૃત્ય કરાવવાનાં ઈરાદાથી, આવી વ્યક્તિને અવરોધે અથવા તેની ઉપર બળજબરી કરે અથવા તેને ધમકી આપે અથવા, આવી બીજી વ્યક્તિનો એક જગ્યાથી બીજી જગ્યાએ સતત પીછો કરે અથવા તેની માલિકીની અથવા તે વાપરતો હોય તેવી કોઈ મિલકતમાં હસ્તક્ષેપ કરે અથવા તે મિલકતનાં ઉપયોગથી તેને વંચિત કરે અથવા તેના ઉપયોગમાં તેને માટે અડચણ કરે અથવા આવી બીજી વ્યક્તિ જે ઘરમાં અથવા બીજા સ્થળે રહેતી હોય અથવા કામ કરતી હોય અથવા ધંધો ચલાવતી હોય અથવા જતી હોય તેવા ઘર અથવા બીજા સ્થળની નજીક ભટકયા કરે (આંટા મારે) અથવા આવી બીજી વ્યક્તિને ત્રાસ આપવાનાં અથવા ધમકી આપવાનાં ઈરાદાથી ગણતરીપૂર્વકનું કોઈ કૃત્ય કરે તે વ્યક્તિ બીજી વ્યક્તિની સતામણી કરે છે એમ ગણાશે.




ગુજરાત નાણાંની ધિરધાર કરનાર બાબત અધિનિયમ, ૨૦૧૧માં ૨૦૧૫ તથા ૨૦૧૭માં સુધારા કરી તા. ૧૩/૧૧/૨૦૧૭થી અમલમાં લાવ્યા. પહેલા મુંબઈ નાણાં ધિરધાર કરનાર બાબતનાં અધિનિયમ, ૧૯૫૯ લાગુ પડતો હતો.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
www.trivediassociates.in